ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૫૪ ટકા

# સે-૪ એ ખાતે ઉભરાતી ગટરથી આરોગ્ય સામે ખતરો



ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં વરસાદી પાણીના ભરાવા તો જોવા મળી રહ્યા નથી પરંતુ છેલ્લા કેટલાક દિવસથી ઠેરઠેર ગટરો ઉભરાતી હોવાના કિસ્સા ધ્યાને આવી રહ્યા છે. ગટરોના ગંદા પાણી માર્ગ પર ફરી વળતા નાગરીકોના આરોગ્ય સામે ખતરો મંડરાઈ રહ્યો હોય છે. ત્યારે સ્થાનિક વસાહતીઓ ઉભરાતી ગટરો અંગે અનેકવાર લેખિત ફરિયાદ કરવા છતા તંત્રના પેટનું પાણી પણ હલતું નથી. સેકટર-૪ માં પ્લોટ નં-૧૧૦૨-૧ ખાતે છેલ્લા કેટલાક દિવસથી ઘર પાસે ગટરના ગંદા પાણી ભરાયેલા નજરે પડી રહ્યા છે. ગંદા પાણીને પગલે નાગરીકોને ઘરની બહાર નીકળવુ મુશ્કેલ બન્યું છે. ચોમાસાની સિઝન અને ગંદકીને પગલે રોગચાળો દિન પ્રતિદિન બેકાબુ બનતો જાય છે. રોગચાળાને નાથવા તંત્રની ટીમ કામે લાગી ગઈ છે. ત્યારે ગટરના દુર્ગંધયુકત પાણી સોસાયટીના માર્ગો પર ફરી વળતા ગંદા પાણીના ખાબોચીયા ભરાયા છે. શહેરમાં ચોમાસાના પાણીનો ભરાવો તો જોવા મળી રહ્યો નથી પરંતુ સેકટરોમાં ચોક્કસ ગટરના પાણી નજરે પડી રહ્યા છે. ગંદા પાણીને પગલે ઘર આગળ મચ્છરોનો ત્રાસ વધતા નાગરીકોને રહેવું પણ મુશ્કેલીરુપ બન્યું છે. તંત્રના અધિકારીઓને જાણ કરતા કોઈ જવાબ મળતો નથી. ત્યારે ગટરોના પાણી વચ્ચે રહેવા વસાહતીઓ મજબુર બન્યા છે. ત્યારે આ વિસ્તારના વસાહતીઓના આરોગ્ય સામે પણ ઝોખમ ઉભુ થવા પામ્યું છે. ત્યારે સે-૪ ના રહીશે સેકટર-૩ ની ઈન્કવાયરી ખાતે લેખિત ફરિયાદ કરી છે તેમ છતા નીવેડો ના આવતા ટેલીફોનીક સંપર્ક કરવા છતા કોઈ પણ જવાબ મળતો નથી. ત્યારે ખદબદતી ગંદકી વચ્ચે વસાહતીઓની સ્થિતિ જાયે તો જાયે કહા જેવી થઈ છે. સ્થાનિક વસાહતીઓ ઉભરાતી ગટર સત્વરે બંધ થાય તેની મીટ માંડીને બેઠા છે.

# સિવિલની દીવાલોમાંથી પાણી પડતા સીટીસ્કેન મશીન ઠેરનું ઠેર

## નવું સીટી સ્કેન મશીન એક મહિનાથી આવ્યું છે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર-જિલ્લાના દર્દીઓ જેની વર્ષોથી કાગડોળે રાહ જોઈ રહ્યા હતા તે સીટી સ્કેન મશીન આવ્યા ને એક મહિનાનો સમય થઈ ગયો છે. તેમ છતા આ મશીન દર્દીઓ માટે શરુ થઈ શક્યું નથી તે કમનસીબની વાત છે. સીટીસ્કેન મશીન આવતા દર્દીઓમાં આનંદ છવાયો હતો. પરંતુ સમય વિતવા છતા સીટીસ્કેન મશીન ઠેરની ઠેર સ્થિતિમાં જોવા મળી રહ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ મશીન જે રૂમમાં ફીટ કરવાનું છે તે રૂમમાં સતત પાણી ઝરે છે. વહેતા ઝરણાની જેમ આ પાણી લીકેજ બંધ થાય ત્યારબાદ મશીન ફીટ કરવામાં આવે અને લોકઉપયોગી માટે કાર્યરત થાય. પરંતુ તંત્ર દ્વારા એક માસ જેટલો સમય વીતી ગયો છતા પાણી બંધ કરી શક્યા નથી તે પણ વાત આશ્ચર્ય પમાડે છે. ગણતરીના મહિનાઓમાં મોટી ઈમારતો તૈયાર કરી દેતું પીઆઈયુ તંત્ર સીટી સ્કેન મશીન ફીટ કરવાનું છે તે રૂમનું પાણી બંધ કરી શકતું નથી.એકબીજાને ખો આપતા તંત્રને સીટીસ્કેન મશીન કાર્યરત થાય તેમાં જરા પણ રસ હોય તેમ લાગતુ નથી. દરેક ને બસ પોતાની ખુરશી સાચવવામાં જ રસ છે. રોજના હજ્જારો દર્દીઓ સિવિલમાં વિવિધ રોગની સારવાર માટે આવે છે. જયારે સીટી સ્કેન મશીન ન હોવાથી દર્દીઓને અમદાવાદ રીફર કરવામાં આવતા હતા. તેમજ દર્દીઓને પણ ના છુટકે પ્રાઈવેટમાં સીટીસ્કેન કરાવવાની ફરજ પડતા હજ્જારો રૂપીયા ખર્ચ થતો હતો. ત્યારે સરકાર દ્વારા કરોડો રૂપીયા ખર્ચીને ગાંધીનગર સિવિલને સીટી સ્કેન મશીન દર્દીઓના ઉપયોગ માટે આપવામાં આવ્યું છે. પરંતુ સરકારી સિવિલમાં બાબુઓ હોતી હે ચલતી હે ની નિતી અપનાઈ રહ્યા છે. ત્યારે કરોડો રૂપીયાના ખર્ચે આવેલુ મશીન માત્ર શોભાના ગાંઠીયા સમાન બનીને રહી જવા પામ્યું છે. ત્યારે શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા દર્દીઓ મશીન કયારે શરુ થશે તેની મીટ માંડીને બેઠા છે.

# સરકારને અધિકારી-કર્મચારીઓના પગારપંચના ભથ્થાઓ આપવા સચિવાલય ફેડરેશનની રજુઆત

ગાંધીનગર, તા.૩

રાજયના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને લેખિત આવેદન પત્ર આપી ધી ગુજરાત સચિવાલય ફેડરેશન દ્વારા કર્મચારીઓના ૧૮ પ્રશ્નોનો ઝડપી ઉકેલ લાવવા રજુઆત કરાઈ છે. કર્મચારી-અધિકારીઓના પ્રશ્નો વર્ષોથી અકબંધ છે. જેથી કર્મચારીઓમાં પણ છુપો રોષ જોવા મળી રહ્યો છે.

રાજય સરકારના કર્મચારીઓના વર્ષોથી ૧૮ પડતર પ્રશ્નો પડતર છે. જેમાં જાન્યુઆરી ૨૦૧૮ થી ૨ ટકા મોંઘવારી ભથ્થું, જુલાઈ ૨૦૧૭ થી ભારત સરકારના ધોરણે ૭ માં પગારપંચના ઘરભાડા ભથ્થુ, અમદાવાદ-ગાંધીનગર ૨૭ ટકા અન્ય શહેરોને ૧૬-૮ ટકા, ટ્રાન્સપોર્ટ એલાઉન્સ ૩૨૦૦, ૧૬૦૦,૮૦૦ પ્રતિમાસ તબિબિ ભથ્થુ રોકડમાં રૂ.૩૦૦ થી વધારી ૧૦૦૦ કરવું, હાલની ૧૨ અને ૨૪ વર્ષની ઉચ્ચતર પગાર ધોરણની યોજના સુધારી ૧૦.૨૦.૩૦. ની યોજના લાગુ કરવી, વર્ગ-૧ અને વર્ગ-૨ ની કરાર આધારીત ભરતી બંધ કરી આ જગ્યાઓ બઢતીથી ભરવી. નિવૃતિની હાલની મર્યાદા ૫૮ વર્ષની છે જે ૬૦ વર્ષ કરવી, વર્ષ ૨૦૦૪ થી ૨૦૦૯ દરમિયાન ચાલુ સેવાએ મૃત્યુ પામેલા કર્મચારીઓના આશ્રિતોને રોકડ સહાય ચુકવવી. સચિવાલયમાં વર્ગ-૪ અને ડ્રાયવરની આઉટ સોર્સિંગ એજન્સી મારફતે ભરતી બંધ કરી ૨૦૦૬ પહેલાથી સતત ફરજ બજાવતા વર્ગ-૪ ના કર્મચારીઓને કાયમી કરવા સહિતનો સમાવેશ થાય છે. ત્યારે રાજય સરકારની કર્મચારી વિરોધી માનસિકતાને વખોડી કાઢવામાં આવી હતી અને આજરોજ રાજયના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને આવેદન પત્ર આપી કર્મચારીઓના પ્રશ્નનો સત્વરે ઉકેલ લાવવા ફેડરેશનના મહામંત્રી નંદુભાઈ પટેલે અનુરોધ કર્યો છે.

# વાવોલમાં મોર્નિંગ વોક પર નીકળેલા મહિલા સાથે ચેઈન સ્નેચિંગ

## કેશવપાર્ક નજીક ચોકડી પાસેથી મહિલાનો ચેઈન ખેંચાયો : મોં પર રૂમાલ બાંધીને બ્લેક એક્ટીવા પર બે શખ્સો આવ્યા હતા

ગાંધીનગર, તા.૩

વાવોલ ગામમાં કેશવપાર્ક સોસાયટી નજીક આવેલી ચોકડી પાસે જોગણી માતાજીના મંદિર સામે આજે વહેલી સવારે ચેઈન સ્નેચીંગની ઘટના બનવા પામી હતી. કેશવ પાર્ક સોસાયટીમાં રહેતી મહિલા આજે સવારે મોંનિંગ વોક પર નીકળી હતી ત્યારે બ્લેક એક્ટિવા પર આવેલા બે ચેઈન સ્નેચર્સે તેમને ટાર્ગેટ બનાવીને ગળામાંથી સોનાનો દોરો આંચકી લીધો હતો. મહિલાના ગળામાંથી સવા તોલા વજનનો સોનાનો દોરો ખેંચીને બંને શખ્સો રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે મહિલાની ફરિયાદને આધારે સેકટર-૭ પોલીસે બે અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરીને તેમના સુધી પહોંચવા માટે કવાયત શરૂ કરી છે.

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામના કેશવ પાર્ક સોસાયટીમાં મકાન નં.૬૫ ખાતે રહેતા સાનુબેન બ્રિજેશકુમાર હસમુખભાઈ પંડ્યા આજે વહેલી સવારે મોર્નિંગ વોક પર નીકળ્યા હતા ત્યારે સોસાયટી નજીક આવેલી ચોકડી પાસે જોગણી માતાજીના મંદિર નજીક તેમને બે ચેઈન સ્નેચરનો ભેટો થઈ ગયો હતો. સાનુબેન વોકિંગ કરી રહ્યા હતા ત્યારે પાછળથી બ્લેક એકટીવા લઈને આવેલા બે અજાણ્યા શખ્સો તેમની પાસે આવી પહોંચ્યા હતા. બંનેએ મોં પર રૂમાલ બાંધેલા હતા. એકટીવામાં પાછળ બેઠેલા શખ્સે ચાલુ એકટીવાએ સાનુબેનના ગળામાં પાછળથી હાથ મારી સોનાનો દોરો ખેંચી લીધો હતો. આશરે સવા તોલા વજનનો સોનાનો દોરો ખેંચી એક્ટિવા પર આવેલા બંને ગઠિયાઓ પળવારમાં જ ફરાર થઈ ગયા હતા. સાનુબેને સ્થળ પર બુમાબુમ કરી પરંતુ ટોળું ભેગું થાય ત્યાં સુધીમાં તો બંને ગઠિયાઓ ગાયબ થઈ ગયા હતા. આ ઘટના અંગે સાનુબેને સેકટર-૭ પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે ચેઈન સ્નેચિંગ સંદર્ભે ગુનો દાખલ કરીને તેમના સુધી પહોંચવા મુખ્ય માર્ગો પરના સીસીટીવી ફૂટેજ મેળવવા કવાયત હાથ ધરી છે.




ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિન નિમિત્તે ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ તરફથી અધ્યક્ષ ભૂપતભાઈ ડાભી, મેનેજીંગ ડીરેકટર જશવંત ગાંધી તેમજ સમાજ કલ્યાણ અધિકારી હંસાબેન મોદી અને મહેન્દ્રભાઈ મજમુદારના હસ્તે ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારની સરકારી પ્રાથમિક શાળાઓના ૧૦૦૦ બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતું. જેનાથી બાળકોએ આ ઉજવણીમાં ભાગ લઈને આનંદ વ્યક્ત કર્યો હતો.

# બહુજન સમાજ પાર્ટી દ્વારા કાર્યકર્તા સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૩

બહુજન સમાજ પાર્ટી ગાંધીનગર જિલ્લા દ્વારા આગામી તા. ૫-૮-૨૦૧૮, રવિવારના રોજ બપોરે ૨ કલાકે નગરપાલિકા હોલ, ગાંધીનગર ખાતે સંગઠન મજબુત બને બુથ લેવલ તેમજ સેકટર લેવલની કમીટી બને તેના માટે જિલ્લાના કાર્યકર્તા તથા શુભ ચિંતકો પદાધિકારીઓ માટે વિશાળ કાર્યકર્તા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

સંમેલનના મુખ્ય અતિથી તરીકે શ્રીકાંતજી (પ્રભારી ગુજરાત રાજય) તથા અશોકભાઈ ચાવડા(પ્રમુખ-ગુજ. રાજય) ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે બસપાના હોદ્દેદારો, આગેવાનો, કાર્યકરોને ઉપસ્થિત રહેવા ગાંધીનગર જિલ્લા પ્રમુખ પ્રવિણ વાઘેલાએ અનુરોધ કર્યો છે.

# કેબલ ચોરો પુનઃ સક્રિય : ખોરજ પાસેથી જીઈબીના કેબલ કાપીને ચોરી

## ૫૪ મીટર કેબલ કાપીને ચોરો ૬૫ હજાર રૂપિયાની કિંમતનાં કેબલ ચોરી ગયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લામાં કેબલ ચોરો પુનઃ સક્રિય થઈ ગયા હોવાનું તાજેતરમાં બહાર આવી રહેલી કેબલ ચોરીની ઘટનાઓ પરથી લાગી રહ્યું છે. થોડા દિવસો પહેલા ભોયણ રાઠોડ ગામમાં એક બોરકુવા પરથી કેબલ ચોરી થવા પામી હતી. આ ગુનો દાખલ થયા બાદ પોલીસ તપાસ ચલાવી રહી છે ત્યાં વધુ એક કેબલ ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે. અડાલજ નજીક આવેલા ખોરજ ગામની સીમમાં બાલાજી વિન્ડ પાર્કની પાછળથી જીઈબીના કેબલ કાપીને ચોરો રૂ.૬૫ હજારની કિંમતનો ૫૪ મીટર કેબલ ચોરી કરી ફરાર થઈ ગયા હોવાનું ધ્યાને આવ્યું છે. આ મામલે જીઈબીના અધિકારીએ અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે કેબલ ચોરીની ઘટના અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

કડી ખાતે રહેતા જીઈબીના અધિકારી કૈલાશભાઈ દયારામ પવારે આજે અડાલજ પોલીસ મથકમાં કેબલ ચોરી અંગે ફરિયાદ નોંધાવી છે. ગઈ રાત્રે ૧૨ વાગ્યાથી સવારના ૭ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન ખોરજ ગામની સીમમાં આવેલા બાલાજી વિન્ડ પાર્કની પાછળ જીઈબીના જે કેબલ લાગેલા હતા તે કેબલ કાપી કેબલ ચોરો રાત્રિ દરમિયાન કળા કરી ગયા હતા. રાત્રે ત્રાટકેલા કેબલ ચોરો રૂ.૬૪,૮૦૦ની કિંમતનો આશરે ૫૪ મીટર કેબલ ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. સવારે સાત વાગ્યે ત્યાં પહોંચેલા કર્મચારીના ધ્યાને આ બાબત આવતા તેણે જીઈબીમાં અધીકારીને આ ઘટના અંગે જાણ કરી હતી. જે અનુસંધાને કડીથી આવેલા કૈલાશભાઈ દયારામ પવારે અડાલજ પોલીસ મથકમાં કેબલ ચોરી અંગે જાણ કરતા તેમની ફરિયાદ લઈ પી.એસ.આઈ કે.જી ગોસ્વામીએ ગુનો દાખલ કરીને કેબલ ચોરો સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

# ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં બે દિવસીય સ્વચ્છતા ઝુંબેશ










ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ચોમાસાની ઋતુમાં મચ્છરોનો ઉપદ્રવ ઘટાડવા અને સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવાના ઉમદા આશયથી બે દિવસીય સ્પેશિયલ સ્વચ્છતા ઝુંબેશ ચલાવવામાં આવી હતી.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં દિવસ દરમ્યાન મોટી સંખ્યામાં દર્દીઓ સારંવાર માટે આવતા હોય છે. તેમજ મોટી સંખ્યામાં દર્દીઓના સગાવ્હાલા સહિત અનેક લોકો પણ કંઈકને કંઈક કામ અર્થે સિવીલ હોસ્પીટલમાં આવવાનું થતું હોય છે. હાલમાં ચોમાસાની ઋતુમાં મચ્છરના ઉપદ્રવ અંગે ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં બે દિવસીય સ્વચ્છતા ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. આ ઝુંબેશ અંતર્ગત સિવીલ હોસ્પિટલના વિવિધ વોર્ડની સાફ – સફાઈ કરવામાં આવી હતી. તેમજ મચ્છરોના ઉપદ્રવને ડામવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ફોગીગ પણ કરવામાં આવ્યું હતું. આ બે દિવસીય અભિયાન દરમ્યાન જયાં પાણી ભરાઈ રહ્યું હતું, તેને દૂર કરવામાં આવ્યું હતું. તેમજ સમગ્ર સિવીલ સંકુલની સ્વચ્છતા કરીને પ્લાસ્ટિક અને અન્ય કચરો દૂર કરવામાં આવ્યો હતો. જયાં જરૂર લાગી ત્યાં દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. આ સ્વચ્છતા અભિયાનને વધુ અસરકારક બનાવવા માટે સિવીલ હોસ્પિટલના સિવીલ સર્જન શ્રી ડાં. બિપીનભાઈ નાયકના માર્ગદર્શન હેઠળ સિવીલ હોસ્પિટલના આર.એમ.ઓ. ડાં. શ્રી આર.એચ. ચૌહાણ, ડેપ્યુટી નર્સિંગ સુપ્રિન્ડેન્ટ શ્રી કલ્પેશ પટેલ સહિત સંબંધિત સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.



## @ગાંધીનગર

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે મીસ્ટ ગુટિકાના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે અષાઢ વદ-૭ના રોજ મયુરપંખના હિંડોળાના દર્શન સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● સંસ્કાર ગ્રુપ ગાંધીનગર દ્વારા અગ્રણી વ્યકિતઓ વિશે તૈયાર કરેલ વાર્તાલાપ કાર્યક્રમ સાંજે ૬.૨૦ થી ૭.૩૦ કલાક દરમિયાન સે-૭ના બગીચામાં યોજાશે.

● કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગ દ્વારા સ્વ રોજગાર લક્ષી સાધન સહાય વિતરણ સમારોહ મુખ્યમંત્રીશ્રીના હસ્તે સવારે ૮ થી ૧ કલાક દરમિયાન સે-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે.

## આજે એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન

ગાંધીનગર, તા.૩

ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) ગાંધીનગર ખાતે તા. ૪થી ઓગસ્ટના રોજ એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં નામાંકિત કંપનીઓ દ્વારા જુદા જુદા ટ્રેડમાં એપ્રેન્ટીસની ભરતી કરવાની છે. જેમાં ધો-૮ થી સ્નાતક, આઈટીઆઈ, ડીપ્લોમા, ડીગ્રી એન્જીનીયરીંગ પાસ ઉમેદવારો ભાગ લઈ શકશે. જરુરી પ્રમાણપત્રો સાથે સવારે ૧૦ કલાકે આઈટીઆઈ સે-૧૫માં હાજર રહેવા આચાર્યશ્રીએ જણાવ્યું છે.

## ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની સોમવારે બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની દરેક માસના પહેલી તારીખ પછીના સોમવારે બેઠક મળે છે તે પ્રમાણે તા. ૬ ઠ્ઠી ઓગસ્ટ સોમવારે સાંજના પાંચ કલાકે પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને નમન એપાર્ટમેન્ટ સે-૨૧માં આ બેઠક મળનાર છે. જેમાં પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવશે તો દરેક પદાધિકારીઓએ હાજર રહેવા મહામંત્રી નિરંજભાઈ ઓઝાએ જણાવ્યુ છે.

## ખાનગી પ્રાથમિક શાળાઓમાં અનુ. જાતિછાત્રો માટે શિષ્યવૃત્તિની રજુઆત

ગાંધીનગર, તા.૩

ખાનગી પ્રાથમિક શાળાઓમાં અનુ. જાતિના વિદ્યાર્થીઓ માટે છેલ્લા ૨૫ વર્ષથી શિષ્યવૃત્તિ આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય ચુકવવામાં આવતી હતી જેમાં કુમાર/કન્યાને વાર્ષિક ધો-૧ થી ૮માં રૂ. ૨૫૦ શિષ્યવૃતિ આપવામાં આવી હતી. તે છેલ્લા ઠરાવથી શિષ્યવૃત્તિનો લાભ અટકેલ છે તો કયા કારણસર આ શિષ્યવૃત્તિ બંધ કરવામાં આવી છે. આ નિર્ણય ખાનગી પ્રાથમિક શાળાના અનુ. જાતિના બાળકો માટે અન્યાય કર્તા છે અને તેના અનુ. જાતિમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે.

આ અંગે નિવૃત્ત નાયબ નિયામક શ્રી પી.બી. શ્રીમાળી અને શ્રી વી. એલ. જાદવે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને વિસ્તૃતમાં રજુઆત કરેલ છે તથા આ અંગે યોગ્ય તપાસ કરવા પણ નમ્ર વિનંતી કરવામાં આવી છે.

## ચિરવિદાય

● સ્વ. વણઝારા ધુરાજી નેકાજી, ઉ.વ. ૯૦